ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ગાંધીનગરમાં ગુજકેટની પરીક્ષા શાંતિપૂર્ણ સંપન્ન




(તસવીર : દિપક જાની)

## ૨૮ વિદ્યાર્થીઓ ગેરહાજર : ૨૧૧૬ વિદ્યાર્થીઓ હાજર રહ્યા : ગેરરીતિનો એકપણ કેસ નહિ

ગાંધીનગર,તા.૮

ગત માર્ચ મહિનામાં ધોરણ-૧૦ અને ૧૨ ની બોર્ડ પરિક્ષા યોજવામાં આવી હતી. રાજયભરમાં આજ રોજ ગુજકેટ ની પરિક્ષા લેવામાં આવી હતી. ગાંધીનગરના વિવિધ ૯ બિલ્ડીગોમાં આ પરિક્ષા ની કાર્યવાહી હાથ ધરવામાં આવી. આજે ગાંધીનગરમાં ૨૧૪૪ વિદ્યાર્થીઓએ પૈકી ૨૧૧૬ વિદ્યાર્થીઓએ ગુજકેટની પરિક્ષા આપી હતી. પરિક્ષા દરમ્યાન પ્રત્યેક કેન્દ્રો પર કોઈ પણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે વર્ગ-૧ સંવર્ગના અધિકારીઓને ઓબ્ઝર્વર તરીકે ફરજ સોંપવામાં આવી હતી. એક પણ ગેરરીતીનો કેસ પણ નોંધવા પામ્યો નથી.

માર્ચ મહિના માં ધો.૧૦-૧૨ ની બોર્ડ પરિક્ષા સંપન્ન થઈ હતી. ત્યાર બાદ ધો.૧૧ સેમેસ્ટર-૨ ની પરિક્ષા પણ પૂર્ણ થતા બોર્ડના પરીક્ષાર્થીઓએ હાંશકારો અનુભવ્યો હતો. પ્રાથમિક અને માધ્યમિક તમામ ધોરણોની પરિક્ષા ના અંતે હાલ ઉનાળુ વેકેશન નો રંગ જામ્યો છે. આવા સંજોગોમાં મેડીકલ ક્ષેત્રે આગળ અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓને અનુલક્ષી આજે તારીખ ૮ મે ના રોજ ગુજકેટની પરિક્ષા લેવામાં આવી હતી. ગાંધીનગર શહેરના વિવિધ ૯ જેટલા બિલ્ડીગોમાં પરિક્ષા ની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પરિક્ષા શાંતિપૂર્ણ માહોલ માં યોજાય તે માટે જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં ૨ જી મે ના રોજ એક બેઠક નું આયોજન કરવામાં આવ્યું હતું. આજે ગાંધીનગરના ૨૧૪૪ વિદ્યાર્થીઓ પૈકી ૨૧૧૬ વિદ્યાર્થીઓએ પરિક્ષા આપી હતી. ગુજકેટની પરિક્ષામાં ૨૮ વિદ્યાર્થીઓ ગેર હાજર રહ્યા હતા. પરિક્ષા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી અને જિલ્લામાં કોઈ ગેરરીતી નોંધવા પામી નથી.

# ઘ-૬ સર્કલે બગીચા તરફની ફૂટપાથમાં ભયાનક ગાબડુ

## તંત્રની ઘોર બેદરકારી અંધારામાં જીવલેણ બનશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર મહાનગર પાલિકાના અસ્તિત્વ બાદ શહેરમાં જાહેર કામગીરીમાં ઉણપ આવી ગઈ છે. પ્રજાના પ્રતિનિધિઓનું મૌન ભવિષ્યમાં શહેરને બદસુરત બનાવી દેશે તેવુ હાલની સ્થિતિ ઉપરથી લાગી રહ્યું છે. ઘ-૬ સર્કલે બગીચા તરફની બનેલી ફૂટપાથમાં જીવલેણ ગાબડુ ઘણા સમયથી પડ્યું છે. પરંતુ તંત્ર જાણે અકસ્માતની રાહ જોતુ હોય તેમ કોઈજ સમારકામ કરાતુ નથી. આવી અનેક બાબતો તરફે સેવાતા દુર્લક્ષથી શહેરીજનોમાં મહાનગરપાલિકાના વહીવટ તરફે આક્રોશ ફેલાયો છે.

રાજ્ય સરકાર હસ્તક ગાંધીનગરમાં પ્રજાલક્ષી બાબતો તરફે ઝડપથી અને સમયસર કામગીરી થતી હતી. જે કારણે શહેરમાં અનેક સમસ્યાઓ આપોઆપ દૂર થઈ જતી હતી. જેની વિરૂદ્ધ હાલ મહાનગરપાલિકા અસ્તીત્વમાં આવ્યા પછી પ્રજાલક્ષી તમામ કામગીરીઓ ધ્યાન દોરવા છતાં ન થતા શહેર તેની ખુબસુરતી ગુમાવી રહ્યું છે. જો કે આ અંગે ચૂંટાયેલા પ્રતિનિધિઓ જ જવાબદાર હોવાનુ લોકો જણાવી રહ્યા છે.



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

આવી જ એક સમસ્યા ઘ-૬ સર્કલની સામે બગીચા તરફની ફૂટપાથમાં બની છે. અડધી ફૂટપાથ તુટી જઈને મસમોટુ ગાબડુ પડી ગયેલ છે. રાત્રીના સમયે શહેરીજનો ચાલવા નિકળ્યા હોય છે. જેમાં

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં આકરી ગરમી પારો ૪૨.૬ ડિગ્રીએ પહોંચ્યો

## આકાશમાંથી વરસતા અંગારા : ભારે ગરમીની જનજીવન પર ઘેરી અસર : શહેરમાં સ્વયંભુ કરફ્યુ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાતમાં હીટવેવ જારી રહી છે. ગુરૂવારે પાટનગરમાં મહત્તમ તાપમાન ૪૨.૬ ડિ.સે. જેટલુ ઉંચુ નોંધાતા વસાહતીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. પશુ-પંખીઓની હાલત દયનીય બની છે.

આગની જ્વાળાની આસપાસ ફરી રહ્યા હોઈએ તેવી અનુભુતી બપોરે ઘરની બહાર નીકળનારાઓને થાય તેવી કાળઝાળ ગરમીમાં ગાંધીનગર ઘેરાયુ છે. છેલ્લા ઘણા દિવસોમાં શહેરમાં મહત્તમ તાપમાન ૪૧ થી ૪૩ ડિગ્રીની વચ્ચે રહેતા વસાહતીઓ હેરાન પરેશાન થઈ ગયા છે. આકાશમાંથી જાણે અંગારા વરસી રહ્યા હોય તેવો અનુભવ હાલમાં વસાહતીઓને થઈ રહ્યો છે. વસાહતીઓ ગરમીથી રાહત મેળવવા માટે ઘરની બહાર નીકળવાનુ ટાળી રહ્યા છે. બપોરે આ કારણે જ શહેરમાં જાણે સ્વયંભુ કરફ્યુ છેવાઈ જાય છે. માર્ગો અને બજારો એકદમ સૂમસામ જોવા મળે છે. વસાહતીઓ ઘરના બારી-બારણા પણ બંધ કરી દેતા હોવાથી શહેર જાણે સાવ સુનુ થઈ જાય છે. પશુ-પંખીઓ પણ આકરી ગરમીથી ત્રાસી ગયા છે. તેમની હાલત પણ દયનીય બની છે. હવામાન વિભાગે હજુ થોડાક દિવસ હીટવેવ જારી રહેવાની આગાહી કરી છે. ગુરૂવારે લઘુત્તમ તાપમાન ૨૮.૦ ડિ.સે. અને ભેજનું પ્રમાણ સવારે ૨૯ ટકા અને સાંજે ૧૩ ટકા જેટલુ નોંધાયું હતું.

# હું પછાત જાતિનો છું તેવું મોદીએ જુઠ્ઠાણુ ચલાવ્યું : શક્તિસિંહ

અમદાવાદ, તા.૮

નરેન્દ્ર મોદી પછાત જાતિમાં જન્મેલા છે અને ઓબીસી છે તે સદંતર જુઠ્ઠાણું છે. કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા શક્તિસિંહ ગોહિલે ગુજરાત સરકારના તા. ૧-૧-૨૦૦૨ના પરીપત્ર ક્રમાંક સશપ/૧૧૯૭/આઈ-૪/અ સચિવાલય, ગાંધીનગરની નકલ પ્રેસ અને મીડીયા સમક્ષ રજુ કરીને જણાવ્યું હતું કે, નરેન્દ્ર મોદી મોઢ ઘાંચી જ્ઞાતિના છે અને આ જ્ઞાતિ પછાત વર્ગ કે ઓબીસીમાં આવતી જ ન હતી. ઉલટાનું, ગુજરાતી શબ્દકોષ માટે આધારભૂત પુસ્તક ભગવદ્ ગોમંડલના પુરાતન મૂળ શબ્દકોષમાં જોઈએ તો મોઢ શબ્દ એ ચોક્કસ ગામમાં રહેતા ખૂબ જ શ્રીમંત અને

● અનુસંધાન પાન-૭ પર



મોટેરા સ્ટેડિયમ ખાતે મેચને લઈને ભારે ઉત્સુકતા રહી હતી. હાલમાં લોકસભાની ચૂંટણી ચાલી રહી છે ત્યારે મોદીના સમર્થકો વિશેષ રીતે ઉપસ્થિત રહ્યા હતા.

# રોટરી કલબ શહેરમાં બે દિવસીય શૈક્ષણિક કારકિર્દી મેળો યોજશે

ગાંધીનગર, તા. ૮

રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા રોટરી ફ્યુચુરા-૨૦૧૪ શૈક્ષણિક કારકિર્દી મેળો યોજવામાં આવશે. તા. ૧૦અને૧૧ મેના રોજ સેક્ટર-૧૨માં આવેલ ઉમિયા માતાજી સંસ્થાન ખાતે સવારે ૧૦.૦૦થી સાંજે ૮.૦૦ વાગ્યા સુધી યોજવામાં આવશે.

બે દિવસીય કારકિર્દી મેળામાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ અને વિદ્યાર્થીઓને એક જ સ્થળે એકઠા કરી વિસ્તારથી માહિતી પુરી પાડવામાં આવશે. શૈક્ષણિક મેળામાં ટેકનીકલ ઈન્સ્ટીટ્યુટ, ઈન્સ્ટીટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ્ ઓવરસીઝ એજ્યુકેશન કન્સલ્ટન્સી, ઈંગ્લિશ કોચીંગ ઈન્સ્ટીટ્યુટ, ઈન્ટરનેશનલ સ્કૂલ, સ્પર્ધાત્મક પરીક્ષાના કોચીંગ ઈન્સ્ટીટ્યુટ ભાગ લેશે.

શૈક્ષણિક મેળામાં ઉપરોક્ત તમામ ક્ષેત્રના નિષ્ણાતો ઉપસ્થિત રહેશે. અને માર્ગદર્શન આપશે. તેમજ વિવિધ વિષયો પર સેમિનાર યોજાશે. આ મેળામાં વિદ્યાર્થીઓ અને વાલીઓને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી લાભ લેવા રોટરી કલબ દ્વારા જણાવાયું છે.

# બેન્કખાતામાં લઘુત્તમ બેલેન્સ ન રહે તો દંડ નહી

અમદાવાદ, તા. ૮

બેન્કો હવે બેન્ક ખાતામાં લઘુત્તમ બેલેન્સ નહીં જળવાય તો દંડ વસુલી શકશે નહી. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાએ આજે એક જાહેર કરેલા નોટીફીકેશનમાં જણાવ્યું હતું કે, દેશની તમામ બેન્કો હવેથી ગ્રાહકોને રક્ષણ આપવાના હેતુસર ગ્રાહકનાં ખાતામાં લઘુત્તમ બેલેન્સ નહીં જળવાય દંડ વસુલી શકશે નહીં. હાલના તબક્કામાં ખાનગી બેન્કો એચડીએફસી, આઈસીઆઈસીઆઈ અને એક્સિસ બેન્કોમાં રૂ. ૧૦,૦૦૦નું લઘુત્તમ બેલેન્સ જાળવવું પડે છે. એક્સીસ બેન્કે તો તાજેતરમાં માસિક બેલેન્સ જાળવવાની જાહેરાત કરી હતી. હાલમાં ખાનગી બેન્કો લઘુત્તમ બેલેન્સ ન જળવાય તો રૂ. ૭૫૦નો દંડનો ચાર્જ વસુલે છે. આરબીઆઈનાં નવા નિયમથી આ બેન્કોની દાદાગીરીનો અંત આવશે. ઉલ્લેખનીય છે કે હાલના તબક્કામાં એસબીઆઈ જેવી સરકારી બેન્કો જો લઘુતમ બેલેન્સ ન રહે તો દંડ વસુલતી નથી. ઉલ્લેખનીય છે કે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા ગત મહિને જાહેર કરેલી પોલીસીમાં જ જણાવ્યું હતું કે, લઘુત્તમ બેલેન્સ ન જળવાઈ તો દંડ વસુલવામાં નહીં આવે.

આ અંગેનું સત્તાવાર નોટીફીકેશન આજે આરબીઆઈ બહાર પાડ્યું હતું. બેન્કે વર્ષ ૨૦૧૨માં જ બેન્કોને બેઝીક સેવિંગ એકાઉન્ટ અથવા તો નોન ઓપરેટીવ એકાઉન્ટ ઉપર ચાર્જ ન વસુલવા સૂચના આપી હતી. પરંતુ બધી બેન્કો તેનો અમલ ન કરતી હોવાથી આજે તેને ફરજીયાત બનાવ્યું છે.

આરબીઆઈએ વધુ એક નોટીફીકેશનમાં જાહેર કર્યું હતું કે હવેથી ૧૦ વર્ષથી ઉપરના માઈનોર-સગીર પણ હવેથી વ્યક્તિગત રીતે બેન્ક

● અનુસંધાન પાન-૭ પર

# આજે મોદી ઉત્તરપ્રદેશ અને બિહારમાં પાંચ સભા સંબોધશે

અમદાવાદ, તા.૮

ભાજપ પ્રદેશ મીડીયા સેલની એક યાદી જણાવે છે કે, આવતીકાલે તા. ૯-૫-૧૪ને શુક્રવારના રોજ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી બિહારમાં ત્રણ અને ઉત્તરપ્રદેશમાં બે એમ કુલ પાંચ ભારત વિજય ચૂંટણી સબાઓ સંબોધશે. બિહારમાં સવારે ૯:૩૦ કલાકે મોતીહારીના ગાંધી મેદાન ખાતે, ૧૦:૪૫ કલાકે ગોપાલગંજના તિલંગહી મેદાન ખાતે, બપોરે ૧૨ કલાકે સિવાનના કંદવારા ગામ ખાતે જ્યારે ઉત્તરપ્રદેશમાં બપોરે ૧:૩૦ કલાકે ઘાઝીપુરના ગોપાલકૃષ્ણ ગોશાળા ખાતે તેમજ બપોરે ૨:૪૫ કલાકે મીરઝાપુરના પુતળાઘરના રામચંદ્ર મોર્ય પ્લોટ ખાતે નરેન્દ્ર મોદી જાહેરસભાઓને સંબોધશે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable!
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

ફ્રી વ્યંધત્વ નિવારણ કેમ્પ
નિ:સંતાન દંપતિ માટે સુવર્ણ તક
આનંદ મેટરનીટી એન્ડ નર્સિંગ હોમ સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે રજત જયંતી વર્ષની ઉજવણીના ભાગ સ્વરૂપે નિ:સંતાન દંપતી માટે આશાના કિરણ સમાન, ફ્રી વ્યંધત્વ નિવારણ કેમ્પનું આયોજન અમદાવાદની સુપ્રસિદ્ધ મધરહુડ IVF (ટેસ્ટટ્યુબ બેબી) સેન્ટરના સહયોગથી કરેલ છે. જમાં મધરહૂડ હોસ્પિટલના નીચે જણાવેલ નિષ્ણાંત ડોક્ટર્સની સેવાઓ ઉપલબ્ધ રહેશે.
(૧) ડો. રાજેશ પંજાબી (IVF સ્પેશીયાલીટી) (અનુભવ ૧૨ વર્ષ)
(૨) ડો. શીતલ પંચાબી (IVF સ્પેશીયાલીટી) (અનુભવ ૧૨ વર્ષ)
(૩) ડો. આનંદ પટેલ (લેપ્રોસ્કોપી સર્જન) (અનુભવ ૭ વર્ષ)
ઉપરોક્ત ડોક્ટર્સ દ્વારા ફ્રી નિદાન કેમ્પમાં કોઈપણ ચાર્જ વગર તપાસ તેમજ સોનોગ્રાફી કરી સચોટ નિદાન અને જરૂરી માર્ગદર્શન આપવામાં આવશે. નિદાન કેમ્પમાં આવેલ દર્દીઓને જરૂર પડે તો IVF (ટેસ્ટટ્યુબ બેબી) તથા લેપ્રોસ્કોપી તપાસ રાહત દરે કરી આપવામાં આવશે. તો જાહેર જનતાને નમ્ર વિનંતી કે આ કેમ્પનો અચૂક લાભ લેશો.
સ્થળ
આનંદ મેટરનીટી એન્ડ નર્સિંગ હોમ
ડો. વિષ્ણુ પી. પટેલ
પ્લોટ નં. ૪૮૫/એ, ગ-૬ કોર્નર, સેક્ટર-૨૩, ગાંધીનગર-૩૮૨૦૨૩
ખાસ નોંધ : અગાઉથી નામ નોંધાવવા નમ્ર વિનંતી
: તારીખ : ૧૧-૫-૨૦૧૪, રવિવાર
: સમય : સવારે ૯-૩૦ થી ૨-૦૦ કલાક સુધી
સંપર્ક : ડો. વિષ્ણુભાઈ પી. પટેલ
મો. : ૯૮૨૫૧ ૯૮૩૮૧, ફોન નં. ૦૭૯-૨૩૨૨૩૯૮૭
સહયોગ : મધરહુડ IVF (ટેસ્ટટ્યુબ બેબી) સેન્ટર, સાયન્સ સીટી રોડ, અમદાવાદ

GOOD DESIGN MEANS GOOD BUSINESS
Advertising, Brochures, Cards, Hoarding, Office Stationery, Creative Photography, Ad Films & Corporate Films
WE DESIGN YOUR DESIRE...
PARAM CREATIONS
504, Shalin Complex, Sector-11, Gandhinagar.
Phone : 079-23243644, 99790 12234.

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
VINAYAK500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com